# Day to Day Current Affairs

25.Dec 2015

## ૧. નેશનલ ગુડ ગવર્નન્સ ડે :

- ભારતના 10માં વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીનો આજે 91મો જન્મદિવસ છે.
- ભારત સરકારે તેના મનામાં વર્ષ 2014થી આ દિવસ મનવવાનું નક્કી કર્યું છે.
- ‘જય જવાન જય કિશન અને જય વિજ્ઞાન’ના સુત્રદાતા અટલબિહારી વાજપેયીને ભારત સરકારે 2014માં ભારતના સર્વોચ્ચ ‘ભારતરત્ન’ એવોર્ડથી સન્માનિત કર્યા હતાં.

## ૨. જામનગર બનશે ગુજરાતનું પ્રથમ વાઇ-ફાઇ સીટી :

- જામનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ડિજિટલ ઇન્ડિયાના ભાગરૂપે સમગ્ર જામનગરમાં વાઇ-ફાઇ સર્વિસીસ આપવાનું નક્કી કરાયું છે.
- આ મહાનગરપાલિકા ઇલેક્ટ્રીક થાંભલા ઉપર ડિવાઇસ મૂકવા અને ઇલેક્ટ્રીક પોલનો ઉપયોગ કરવામાં આવશે.
- જામનગર મ્યુનિસિપાલટી દ્વારા પોલ દિઠ રૂ.500 ભાડુ વસુલ કરવામાં આવશે.
- આગામી ફેબ્રુઆરી સુધીમા તમામ 24274 ઇલેક્ટ્રીક થાંભલા પર ડિવાઇસ મૂકી આ કાર્ય પૂર્ણ થશે.

3. નેશનલ ગેમ્સ – 2019 :

- 2019ની રાષ્ટ્રીય ગેમ્સનું આયોજન આંધ્રપ્રદેશમાં કરવામાં આવશે.
- નેશનલ ગેમ્સની શરૂઆત 1924માં કરવામાં આવી હતી.
- આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી : ચંદ્રબાબુ નાયડુ

૪. ટોપ 500 ઇન્ડિયા કંપની :

- પ્રખ્યાત મેગેઝિન ફોર્ચ્યુન દ્વારા 2010થી દર વર્ષે ઇન્ડિયાની ટોપ 500 કંપનીઓનું લિસ્ટ તૈયાર થાય છે.
- આ લિસ્ટ કોઇપણ કંપનીની કુલ આવકને આધારે થાય છે.
- આ વર્ષના લિસ્ટ પ્રમાણે સાર્વજનિક કંપની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી)ને સતત છઠ્ઠા વર્ષે ફોર્ચ્યુ ઇન્ડિયા 500ના લિસ્ટમાં પહેલો ક્રમ મળ્યો છે.
- આ સિવાય ફોર્ચ્યુન વૈશ્વિક લિસ્ટ પણ તૈયાર કરે છે.
- ભારતની ટોપ – 5 કંપનીઓ
  1. ઈન્ડિયન ઓઈલ
  2. રિલાયન્સ ઈન્ડ. લિમિટેડ
  3. તાતા મોટર્સ
  4. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા
  5. ભારત પેટ્રોલિયમ
- ભારતના લિસ્ટમાં આઈઓસી પ્રથમ ક્રમે છે પણ ફોર્ચ્યુનના વૈશ્વિક લિસ્ટમાં તેનો ક્રમ 119 મો છે.
- વૈશ્વિક લિસ્ટમાં અમેરિકાની વોલમાર્ટ કંપની પ્રથમ ક્રમે છે.

## ૫. BCCI લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ :

- ભારતીય ક્રિકેટ બોર્ડ ભૂતપૂર્વ વિકેટકિપર બેટ્સમેન સૈયદ કિરમાણીને લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ આપવાની જાહેરાત કરી છે.
- કિરમાણીને આ અંતર્ગત કર્નલ સી. કે.નાયડુ ટ્રોફીની સાથે રૂપિયા 25 લાખનું રોકડ ઈનામ આપવામાં આવશે.
- ભારતીય ક્રિકેટ બોર્ડ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ માટેની ટ્રોફી સાથે ભારતના સૌપ્રથમ ટેસ્ટ કેપ્ટન કર્નલ સી.કે.નાયડુનું નામ જોડ્યું છે.
- ગત વર્ષે ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન દિલિપ વેંગસકરને આ સન્માન મળ્યું હતું.
- કિરમાણીએ 1976માં ન્યુઝિલેન્ડ સામે ટેસ્ટમાં પ્રવેશ મેળવ્યો હતો.
- 1983ની વર્લ્ડ ચેમ્પિયન ટીમમાં પણ કિરમાણી સામેલ હતા અને વર્લ્ડકપના શ્રેષ્ઠ વિકેટ કિપરનું ગૌરવ મળ્યું હતું.
- ભારત સરકારે 1982 માં કિરમાણીને પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનીત કર્યા હતા.

## પ્રશ્નો

1. ક્યાં દિવસે નેશનલ ગુડ ગવર્નન્સ ડે મનાવાય છે ? – 25 ડિસેમ્બર.
2. ક્યાં મહાનુભાવના જન્મ દિવસ પરથી નેશનલ ગુડ ગવર્નન્સ ડે મનાવાય છે ? – અટલ બિહારી વાજપેયી.
3. વર્ષ 2014માં ભારત સરકારે અટલ બિહારી વાજપેયીનું ક્યાં એવોર્ડથી સન્માન કર્યું હતુ ? – ભારત રત્ન.
4. ‘જય જવાન, જય કિશાન અને જય વિજ્ઞાનના સુત્રદાતા કોણ છે? - અટલ બિહારી વાજપેયી.
5. ફેબ્રુઆરી 2016માં ગુજરાતનું ક્યું સીટી વાઈ – ફાઈથી સજ્જ થશે?
6. નેશનલ ગેમ્સ - 2019નું આયોજન ક્યાં થશે ? - આંધ્રપ્રદેશ.
7. પ્રખ્યાત મેગેઝિન ફોર્ચ્યુનની યાદી મુજબ ઈન્ડિયાની ટોપ – 500 કંપનીમાં કઈ કંપની ટોચ પર છે ? – ઈન્ડિયન ઓઈલ.
8. તાજેતરમાં BBCIનો લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને આપવાની જાહેરાત થઈ? – સૈયદ કિરમાણી.
9. ભારતીય ક્રિકેટ બોર્ડ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ માટેની

Vivekanand Academy Gandhinagar

ટ્રોફી સાથે ક્યાં ક્રિકેટરનું નામ જોડ્યુ છે? – કર્નલ સી.કે.નાયડુ.

10. BBCI દ્વારા લાઈફ ટૈમ અચિવમેન્ટ એવોર્ડ માં ઈનામ સ્વરૂપે શુ આપવામાં આવે છે? – 25 લાખ રૂપિયા અને કર્નલ સી.કે.નાયડુની ટ્રોફી.
11. ગત વર્ષે 2014માં BBCI નો લાઈફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો હતો? – દિલિપ વેંગેસકર.
12. સૈયદ કિરમાણીને 1982માં ભારત સરકાર દ્વારા ક્યાં એવોર્ડથી સન્માનીત કરાયાં હતા? – પદ્મ શ્રી.

Vivekanand Academy, Gandhinagar